# પેઈન્ટિંગ

□ ચીમન પટેલ 'ચમન'

ઘરની દિવાલો પરના ફોટાઓની સાફસુફી કરતી વખતે મને ખૂબજ ગમતા વર્ષો જૂના એક પેઈન્ટિંગને હઠાવવાની પત્નીની હઠને મેં આજ સુધી અવગણી હતી, પણ આજની વાત અલગ હતી. ગુસ્સામાં ઊંચા સાદે એ બોલ્યાઃ 'આ તમારું પેઈન્ટિંગ અહિથી હવે હઠાવો નહિતર ગુસ્સામાં ને ગુસ્સામાં હું એને ગારબેજ ભેગું કોઈ દિ કરી દઈશ!.'

દર વખતે દલિલમાં હું એને કહેતોઃ 'તારા આધુનિક ફોટાઓ વચ્ચે મારું આ જૂનું પેઈન્ટિંગ તને નથી ગમતું, પણ મને એ ખૂબ જ ગમે છે તો તને શો વાંધો છે?.' આજે દલિલ કરવામાં મને જોખમ જેવું લાગતાં હું મૌન રહ્યો. મનમાં વિચારતો હતો કે રખેને એ કોઈ દિવસ ગારબેજમાં નાખી આવેતો આ પેઈન્ટિંગના ગારબેજની સાથે ડૂચા થઈ જવાના એ કરતાં તો કોઈ મારા જેવાના હાથમાં આવેતો એ વધારે સારું.

આજથી પાંત્રીસ વર્ષ પહેલાં હું જ્યારે અમેરિકા આવ્યો ત્યારે મેં આ પેઈન્ટિંગને પૈસાની તૂટ હોવા છતાંયે ખરીદ્યું હતું. દરિયા કિનારે વાવાઝોડામાં સપડાયેલ એક નાવનું આ પેઈન્ટિંગ હતું. મારી એ વખતની જિંદગીને એ આબેહૂબ સ્પર્શી જતું હતું. હું પણ સામાજિક સમસ્યાઓના ઝંઝાવાતમાં સપડાઈ ગયો હતો અને એમાંથી નિકળવાનો કોઈ માર્ગ ન દેખાતાં હું દેશ છોડી પરદેશ પહોંચી ગયો હતો.

પત્નીને આ બધી વાત કહેવાનો કોઈ અર્થ મને હવે ન લાગતાં હું એ પેઈન્ટિંગને ત્યારેજ ઉતારીને ઘરની બહાર મૂકી આવ્યો.

એજ અઠવાડિયે પાડોશીના 'ગરાજ સેલ'માં મેં મારું પેઈન્ટિંગ વેચવા મુકી દીધું.

એકાદ મહિના પછી મારા જન્મદિને મારી આંખો બંધ કરાવીને મારી આગળ મારી ગીફ્ટ લાવવામાં આવી. આંખો ખોલવાનું સુચન મળતાં મારી નજર આગળ મારા જૂના પેઈન્ટિંગને આબેહૂબ મળતું એક પેઈન્ટિંગ જોવા મળ્યું. નજીકથી નિહાળવા મેં એને મારા હાથમાં લઈ લીધું ત્યાંજ પત્ની બોલીઃ 'છે ને આબેહૂબ તમારા જૂના પેઈન્ટિંગ જેવું ! તમારા જૂના પેઈન્ટિંગને તમારી પાસે હઠાવ્યા પછી તમને થયેલ દુઃખને મેં તમારી આંખોમાં ઘણા દિવસ જોયું છે એટલે સમય મળે ત્યારે હું ચિત્રપ્રદર્શનમાં આંટો મારતી અને એક દિવસે મને આ મળ્યું કે તુરતજ મેં એને તમારા જન્મદિન માટે ખરીદીને સાચવી રાખ્યું હતું.'

પેઈન્ટિંગને ઝીણવટથી નિહાળવામાં હું ડૂબી ગયો હતો. 'છે ને તમારા પેઈન્ટિંગની એકઝેટ કોપી?' મારો ખભો હલાવી પત્ની બોલી.
'હા, લાગેતો છે!' મૌન તોડતાં હું બોલ્યો.

મારા જૂના પેઈન્ટિંગને ગરાજસેલમાં મૂકતાં પહેલાં ચિત્રકારના નામની પાસે મેં પીછીથી એક ટપકું કર્યું હતું કે કદાચ એ ફરીથી ક્યાંક જોવા મળેતો હું એને ઓળખી શકું. મારી પાસે એ ટપકા કરેલું મારું જૂનું પેઈન્ટિંગ આવી ગયું હતું એ આનંદને મેં બહાર આવવા દીધો; ટપકાના ભેદને આ જીવન અંદર દબાવી રાખવાના નિર્ણય સાથે.

નોંધ : ગુજરાતી સાહિત્ય પરિષદને સો વર્ષ પૂરા થતાં એની શતાબ્દિ મહોત્સવની ઉજવણી નિમિત્તે સો પુસ્તકો પ્રગટ થનાર છે. એમાંનું એક પુસ્તક 'લઘુકથા સંચય' ફક્ત લઘુકથાઓ પર જ હશે. આ લેખ એમાં વાંચવા મળશે.